# GCY-1999 Seat No. ______

## M. A. (Sem. IV) Examination
### April / May - 2017
### CC-403 : Gujarati
### [સમીક્ષા (અપઠિત)]

Time : 3 Hours ] [ Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેનામાંથી કોઈ પણ એક વિશે નિબંધ લખો : ૧૪

(૧) સિનેમા અને સમાજ

(૨) સ્વચ્છતા ત્યાં પ્રભુતા !

(૩) નારી, તું નારાયણી !

(૪) વર્ષાની એક સુંદર સાંજ

૨ નીચેનામાંથી કોઈ પણ એક વિશે નિબંધ લખો : ૧૪

(૧) મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતા

(૨) મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્ય - સામ્ય-ભેદ

(૩) ગુજરાતી રંગભૂમિ : ગઈકાલ અને આજ

(૪) ગુજરાતી ગઝલ : સ્વરૂપ અને વિકાસ.

૩ નીચે આપેલા કાવ્યનું રસલક્ષી મૂલ્યાંકન કરો : ૧૪

**ચાંદરણું**

હું વ્યસ્ત હ્યાં ટેબલ પે કચેરીમાં
ત્યાં
આવી પડ્યું ચાંદરણું રૂપેરી.
મૂગું મૂગું એ હસીને મને ક્યાં
તેડી ગયું દૂર ? - પ્રદોષવેળા
ઝૂકેલ શો ઘેઘૂર આંબલો, ને
વહી જતી પાછળ રમ્યઘોષા
નદી; ભરીને જલ-કેશ ભીના
કપોલની શી સુરખી ભીની ભીની !-
જતી હતી તું; નીરખી મને ને
અટકી જરા; ચાંદરણું રૂપેરી
ગર્યું નીચે ઘેઘૂર વૃક્ષમાંથી
ભીના ભીના રક્તકપોલની પરે....
આજે હશે ક્યાં અહ કેવી
જાણું ના....
જો ક્યાંકથી આ કવિતા કદીયે
વાંચે ભલા તો લઈ તું જજે હવે
(નદીતટે વૃક્ષ નીચે ઊભેલા
કુમારને જે દીધ તેં) રૂપેરી
ભીનું ભીનું ચાંદરણું.........

- લાભશંકર ઠાકર

**અથવા**

૩ નીચે આપેલા કાવ્યનું રસલક્ષી મૂલ્યાંકન કરો : ૧૪

## વેરાન

બાર વરસને અંતે જોયું ગામ
એનું નવું પડ્યું છે નામ-
આંગણામાં ઊભેલો વગડો
ઊગમણી પા ટેકરીઓની સોડે
પાછે પગલે દોડે.
દોડે સાથે કલરવ માળા,
સૂરજિયા અંધારા સાથે પડછાયા પગપાળા.
ધૂંગામાં સૂતાં'તાં સૌ શિયાળ ક્યાં છે !
ક્યાં છે પેલા સાપલિસોટા ચટાપટાળા !
રાનબિલાડાના ડોળામાં ફરતાં તેજ કૂંડાળાં ક્યાં છે
રેતકાંકરા પાછળ મૂકી વહી ગયા રે વ્હેળા,
છંછેડેલાં મધપુડાની
લાખ લાખ માખોનાં ક્યાં રે
 એ કોલાહલ મેળા !
કઠિયારાની કુહાડીના ટચકા કોને પડે
કડડ કરતાં વૃક્ષ સામટાં પડે
ખરખર મારાં ખરી રહ્યાં છે પાન,
ખરખર ખરી રહ્યાં છે ગાન,
હર્યુંભર્યું (હું) રાન
હવે વેરાન !

- જયંત પાઠક

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો : ૧૪

The origin and purpose of the lesser arts are simple and easily understood these arts, arising from man's natural desire to provide himself conveniently with the elementary requirements of food and shelter, clothing and locomotion grew with the growth of civilization their purpose is no less definite; and the principle which lies at their foundation, and which itself furnishes a test of the works which they severally produce, is utility. So far reaching is this principle that they are often (and rightly) called the 'useful' arts, the characteristic merit, therefore, of house, of a chair, or of a vessel in metal or clay, is to fulfil the purpose for which it is intended, and beauty of form is them is nothing else than the instant revelation of this Capacity. It is mainly by Virtue of this revelation that such objects satisfy the eye and mind;

and all decoration or decorative effect which does not contribute to this revelation, being meaningless, lessens instead of increasing the beauty of the objects it is intended to adorn.

અથવા

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો : ૧૪

Give the wisest symphonist a tempest to render. Nothing is easier than to limitate whistling of the winds and the noise of the thunder. But by what combination of ordered sound could be present to our sight the lighting flashes which suddenly rend the veil of night and that which is the most terrific aspect of the tempest the alternate movement of the waves, now rising mountain high, now sinking and seeming to full headlong into bottomless abysses ? If the hearer has not been told beforehand what the subject is, he will never divine it, and I defy him to distinguish a tempest from a battle. In spite of Scientific skill and genius, Sounds cannot represent forms.

Music, rightly advised, will refuse to enter upon a hopeless contest, it will not undertake to express the rise and fall of the waves and other like phenomena; it will do better; with sounds it will produce in our soul the feelings which successively arise in us during the various scenes of the tempest. It is thus that Haydn will become the rival, even the conqueror of the painter, because it has been given to music to move and Sway the Soul even more profoundly than painting.

૫ નીચેનામાંથી કોઈ પણ બે કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : ૧૪

(૧) પીળાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં.
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં.

(૨) ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે
મત્સ્યભોગી બગલો મુકતાફળ દેખી ચંચૂ નવ ભરે.

(૩) નથી એક માનવી પાસે બીજો માનવ હજી પહોંચ્યો
'અનિલ', મેં સાંભળ્યું છે, ક્યારનો બંધાય છે રસ્તો.

(૪) છે માનવી જીવનની ઘટમાળ એવી
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

અથવા

૫ નીચેનામાંથી કોઈ પણ બે ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : ૧૪

(૧) શીલ તેવી શૈલી

(૨) કાવ્યમાં છંદ ઉપકારક છે, અનિવાર્ય નહીં.

(૩) સાહિત્ય જીવનનું દર્પણ છે.

(૪) પ્રેમની જેમ કવિતા પણ પૃથ્વી પરની અમરવેલ છે.

---